# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-06-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1) પૂર્વ અગ્નિવીરોને હવે રાજ્ય સરકારની વિવિધ ભરતીમાં 20 ટકા અનામત મળશે.

2) રાજ્યભરમાં આવતીકાલથી 24મા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થશે.

3) QR કોડ પેમેન્ટ પ્રણાલી દ્વારા છેલ્લા એક વર્ષમાં ST નિગમની બસોમાં એક કરોડથી વધુ વ્યવહાર નોંધાયા.

4) રાજ્યના 38 તાલુકામાં આજે ચોમાસા પહેલા મેઘમહેર - સુરતના ઉમરપાડામાં પોણા બે ઇંચ વરસાદ.

5) એશિયન વોલિબોલ ચેમ્પિયનશીપ મેન્સ કપ 2026માં આજે ભારત અને ચાઇનીઝ તાઇપેઈ વચ્ચે મુકાબલો.

………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM AGNIVEER

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પૂર્વ અગ્નિવીરો માટે અનેક મહત્વના નિર્ણય લીધા છે. જેમાં અનામત, વય મર્યાદામાં છૂટછાટ સહિતના હિતકારી નિર્ણય સામેલ છે. સાંભળીએ એક અહેવાલ..**

## (VOICE CAST: MAYUR SOLANKI)

(પૂર્વ અગ્નિવીરોને હવે રાજ્ય સરકારની વિવિધ સીધી ભરતીમાં 20 ટકા અનામત મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પૂર્વ અગ્નિવીરો માટે કરેલા આ મહત્વના નિર્ણય મુજબ શારીરિક કસોટીમાંથી મૂક્તિ તેમજ નિયત ઉપલી વય મર્યાદામાં 3 વર્ષ સુધીની છૂટ અપાશે. ઉપરાંત અગ્નિવીર યોજનાની પ્રથમ બેચના સભ્યોને વય મર્યાદામાં પાંચ વર્ષ સુધીની છૂટછાટ આપવાના પણ નિર્દેશો મુખ્યમંત્રીએ આપ્યા. આ નિર્ણયોનો લાભ હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, એસ.આર.પી.ના પ્લાટૂન કમાન્ડર તથા પોલીસ કોન્સ્ટેબલની ભરતી માટે મળવાપાત્ર થશે. આ ઉપરાંત જેલ વિભાગ હસ્તકની જેલર ગ્રુપ-2 અને જેલ સિપાઈ તથા વનરક્ષક તેમજ વનપાલ સંવર્ગોની સીધી ભરતીમાં પણ પૂર્વ અગ્નિવીરોને આ લાભ અપાશે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

# SCHOOL PRAVESHOTSAV

**રાજ્યભરમાં આવતીકાલથી 24મા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મહેસાણા જિલ્લાના વડનગરની બી.એન. હાઈસ્કુલ ખાતે આ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે. સાંભળીએ એક અહેવાલ..**

## (VOICE CAST: HEMANGINI SONARA)

(મુખ્યમંત્રી વડનગર ખાતે આંગણવાડીમાં બે ભૂલકાંઓ સહિત બાલવાટિકાથી ધોરણ-11 સુધીના 389 વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ કરાવશે. ત્રણ દિવસીય પ્રવેશોત્સવ દરમિયાન સમગ્ર રાજ્યમાં 38 હજાર 400 શાળાઓમાં 28 લાખ 58 હજાર જેટલા બાળકોને પ્રવેશ અપાશે. શાળા વ્યવસ્થાપન સમિતિ, વાલીઓ અને ગ્રામજનોની સહભાગીતાથી આ પ્રવેશોત્સવ ઉજવાશે. મુખ્યમંત્રી ઉપરાંત નાયબ મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના મંત્રીઓ, સનદી અધિકારીઓ સહિત 465 જેટલા મહાનુભાવો શાળાએ શાળાએ જઇ બાળકોને પ્રવેશ અપાવવાના આ સેવાયજ્ઞમાં જોડાશે. હેમાંગીની સોનારા પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ)

# WORLD ATHLETICS DELEGATION

વિશ્વ એથ્લેટિક્સ પ્રતિનિધિમંડળે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે મુલાકાત કરી. રાજ્યમાં પ્રસ્તાવિત વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપ-2031 માટેના રમતગમત માળખાના  અભ્યાસ અને નિરીક્ષણ માટે બીડ ઈવેલ્યુએશન પેનલના અધ્યક્ષ એંટી ફિલ્હાકોસ્કીના નેતૃત્વમાં આ પ્રતિનિધિમંડળ રાજ્યની બે દિવસની મુલાકાતે છે. ત્યારે પ્રતિનિધિમંડળના સભ્યો સાથેની વાતચીતમાં  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રમતગમત માળખાની નિરીક્ષણથી પ્રતિનિધિમંડળને રાજ્યની સજ્જતા અને રમત સંસ્કૃતિની પ્રત્યક્ષ અનુભૂતિ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, ગુજરાત વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઈમ્સ, કોમનવેલ્થ ગેઈમ્સ-2030ના આયોજન માટે સજ્જ છે.

ઉલ્લેખનીય છે, વર્ષ 2028માં વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-20 સ્પર્ધા પ તથા વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપ 2031ની સંભવિત યજમાની ગુજરાત કરવાનું છે.

# VGRC- NARMADA

રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં નર્મદા જિલ્લામાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કક્ષાની કોન્ફરન્સમાં 9.98 કરોડ રૂપિયાના MoU કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ કહ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત માત્ર એક રોકાણ સમિટ નથી, પણ ગુજરાતના સર્વાંગી વિકાસનું એક શક્તિશાળી માધ્યમ છે. છેલ્લા બે દાયકામાં ગુજરાતે ઔદ્યોગિક વિકાસ, રોકાણ અને રોજગાર સર્જનમાં દેશભરમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વિકાસયાત્રામાં નર્મદા જિલ્લાનું યોગદાન પણ નોંધપાત્ર રહ્યું છે.

મંત્રીશ્રીએ તાજેતરમાં જાહેર થયેલી *ગુજરાત પ્રગતિશીલ ઔદ્યોગિક નીતિ-2026*નો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ નીતિ ખાસ કરીને MSME ક્ષેત્રને પ્રોત્સાહન આપનારી, રોજગારલક્ષી અને ઉદ્યોગ મૈત્રી નીતિ છે.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, મદદનીશ કલેક્ટર સહિત અન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# NAMO LAXMI

રાજયમાં નમો લક્ષ્મી યોજના અમલી થયા પછી શાળાઓમાં ધો-9 થી 12ના વર્ગખંડોમાં 80 ટકા હાજરી આપતી કન્યાઓની સંખ્યા વર્ષ 2024-25માં 1 લાખ 71 હજાર 988થી વધીને વર્ષ 2025-26માં 2 લાખ 96 હજાર 495 થઇ છે, એટલે કે 73 ટકાનો વધારો થયો છે.

જ્યારે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાના કારણે વિજ્ઞાનના વર્ગોમાં 80 થી 100 ટકા હાજરી આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા, 2024-25માં 19 હજાર 324થી વધીને વર્ષ 2025-26માં 43 હજાર 533 થઇ છે, જે ગત એક વર્ષમાં લગભગ 125 ટકાનો વધારો સૂચવે છે.

# BHAVNAGAR RAGGING CASE

ભાવનગરની સરકારી મેડિકલ કોલેજની પજવણીની ઘટનાના સાતેય આરોપી ફરાર થઈ ગયા છે. હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમાં પ્રથમ વર્ષના 13 જુનિયર તબીબો પર અત્યાચાર ગુજારવાના આરોપ સાથે બીજા વર્ષના 7 સિનિયર તબીબો વિરૂદ્ધ નિલમબાગ પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે. ગુનો નોંધાતાની સાથે જ તમામ આરોપી તબીબો મેડિકલ કોલેજની હોસ્ટેલ છોડીને ફરાર થઈ ગયા છે. તેમણે ઝડપી લેવા માટે પોલીસે બે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

# GSRTC DIGITAL

QR કોડ પેમેન્ટ પ્રણાલી દ્વારા છેલ્લા એક વર્ષમાં GSRTCની બસોમાં અંદાજે કુલ એક કરોડથી વધુ વ્યવહાર નોંધાયા છે. જેના દ્વારા નિગમને 112 કરોડથી વધુની આવક થઈ છે. નિગમના જનસંપર્ક અધિકારી શ્રદ્ધા ભટ્ટે જણાવ્યું કે ST નિગમ દ્વારા સંચાલિત 16 વિભાગના 125 ડેપો ખાતે 10 હજાર 500 નવા ઈ-બીટીએમ-મશીનો ફાળવાયા છે. તેમણે કહ્યું,  ઓનલાઈન એડવાન્સ બુકિંગ સુવિધાને પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મુસાફરોની સુવિધામાં વધારો કરતાં હવે 100 કિલોમીટરથી વધુ અંતર કાપતી અંદાજે બે હજાર 500 જેટલી લોકલ ટ્રિપ્સને પણ હવે ઓનલાઈન રિઝર્વેશન પ્લેટફોર્મ સાથે જોડવામાં આવી છે

# AMRELI – KAUSHIK VEKRIYA KHATMUHARAT

અમરેલી સ્થિત રાજમહેલ કમ્પાઉન્ડ ખાતે ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ માર્ગ અને મકાન વિભાગની નવી બિલ્ડિંગના બાંધકામનું ખાતમુહૂર્ત કર્યું.

આ ભવન અંદાજિત 8 કરોડ રૂપિયાની ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રી વેકરિયાએ કહ્યું કે, આ સુવિધાસભર અને અદ્યતન નવા બિલ્ડિંગના નિર્માણથી જિલ્લામાં સરકારી સેવાઓનું સ્તર વધુ ઊંચું આવશે. આ નવા માળખાને કારણે વહીવટી સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી સ્થાનિક પ્રજાના સરકારી કામો વધુ ઝડપી, સરળ અને પારદર્શી પદ્ધતિથી પૂર્ણ થશે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

-----------------------------------------------------------------------------

**DESK**

# MARUTI ITI LAB

મારુતિ સુઝુકી રાજ્યની પાંચ ITIમાં અદ્યતન મેન્યુફેક્ચરિંગ લેબ બનાવશે. આ માટે મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડે ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ નિયામક સાથે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જે અનુસાર પાલનપુર, ભાવનગર, સુરેન્દ્રનગર, ગોધરા અને દાહોદની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં આ અદ્યતન લેબ સ્થાપવામાં આવશે.

કંપનીના વરિષ્ઠ કાર્યકારી અધિકારી રાહુલ ભારતીએ જણાવ્યું કે, "આ અદ્યતન ઉત્પાદન પ્રયોગશાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક શિક્ષણ અને આધુનિક સાધનોના ઉપયોગની તાલીમ અપાશે. જેનાથી એવા વ્યાવસાયિકો તૈયાર થશે જેઓ વિકસી રહેલા ઓટોમોટિવ વાતાવરણમાં સરળતાથી કામ કરી શકશે.

# KHEDA- KHET BACHAO ABHIYAN

ખેડા જિલ્લામાં ખેત બચાવો અભિયાન' કાર્યક્રમ યોજાઇ ગયો. ખેડા જિલ્લાના મહુધા, કપડવંજ, ઠાસરા, કઠલાલ, માતર, નડિયાદ, વસો, મહેમદાવાદ, ખેડા અને ગલતેશ્વર તાલુકામાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત જાગૃતિ અને ખેડૂત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આ અભિયાનમાં જિલ્લામાં 22 જેટલી તાલીમમાં 849 ખેડૂતો અને પશુપાલક ભાઈ-બહેનોએ આધુનિક કૃષિ પદ્ધતિઓનું માર્ગદર્શન મેળવ્યું હતુ.

આ તાલીમ કાર્યક્રમો દરમિયાન અધિકારીઓ દ્વારા જમીનની લાંબાગાળાની ફળદ્રુપતા અને રાસાયણિક ખાતરોના અસંતુલિત વપરાશથી થતા નુકસાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# BHARUCH - GLOBAL SPIRITUAL LEADER AWARD

ભરૂચના હાંસોટના ખરચ ગામ ખાતે આવેલ દત્તાશ્રય આશ્રમના બે આચાર્યોને લંડન ખાતે ગ્લોબલ સ્પિરિચ્યુઅલ લીડર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

આચાર્યશ્રીઓના આધ્યાત્મિક નેતૃત્વ, માનવ સેવા અને સનાતન ધર્મના વૈશ્વિક પ્રચાર-પ્રસાર ક્ષેત્રે આપેલા વિશિષ્ટ યોગદાનને બિરદાવતા આચાર્ય ભાવિન પંડ્યા અને મનન પંડ્યાને આ એવોર્ડથી સન્માનિત કરાયા.

આ અંગે ભાવિન પંડયાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE - BHAVIN PANDYA-ACHARYA)**

# GUJARAT RAIN

રાજ્યના 38 તાલુકામાં આજે વરસાદના અહેવાલ છે. જેમાં દક્ષિણ ગુજરાતના જિલ્લામાં ભારે વરસાદ થયો. સુરતના ઉમરપાડામાં પોણા બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે નર્મદા જિલ્લાના સાગબારામાં દોઢ ઇંચ વરસાદ વરસ્યો છે. દરમિયાન વલસાડ અને તાપીના ઉકાઇમાં એક ઈંચથી વધુ જ્યારે ભાવનગરમાં એક કલાકમાં દોઢ ઇંચ વરસાદ વરસ્યો. જેનાથી શહેરમાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જ્યારે ભરતનગર વિસ્તારમાં બે વૃક્ષો ધરાશાયી થયા.

નવસારીના વાંસદા તાલુકાના ચોંઢા, નિરપણ, ખાટાઆંબા, મોલાઆંબા, આંકલાછ સહિતના ગામોમાં પણ વરસાદ પડ્યો.

# WEATHER FC

દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદનું યલો એલર્ટ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સુરત, નવસારી, ડાંગ અને વલસાડમાં ભારે વરસાદની આગાહી છે. દરમિયાન આજે સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતનાં જિલ્લાઓમાં પણ ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતા છે. આગામી સાત દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની નહિવત શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

**(BYTE: DR. A.K. DAS, DIRECTOR)**

# AVC MEN'S CUP-2026

અમદાવાદ ખાતે ચાલી રહેલા એશિયન વોલિબોલ ચેમ્પિયનશીપ મેન્સ કપ 2026માં આજે કઝાકિસ્તાનનો ઓસ્ટ્રેલિયા સામે રોમાંચક વિજય થયો. જ્યારે અન્ય એક મુકાબલામાં થાઈલેન્ડે ઓમાનને હરાવ્યું. પૂલ-એની પ્રથમ મેચમાં કઝાકિસ્તાને ઓસ્ટ્રેલિયા સામે 3-2થી વિજય મેળવ્યો. આજની બીજી મેચમાં પૂલ-બીની ટીમ થાઈલેન્ડે ઓમાનને 3-1થી હરાવ્યું હતું. યજમાન ભારત આજે રાત્રે ચાઇનીઝ તાઇપેઈ સામે મહત્વપૂર્ણ મુકાબલો રમશે.

ભારત પોતાની પ્રથમ બે મેચમાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડને હરાવી છ પોઇન્ટ સાથે પૂલ-એમાં ટોચના સ્થાને છે.